
# સ્કેમ હરિયાણાને સ્કીલમાં ફેરવી નાંખવા મોદીનું મતદારોને વચન

મહેન્દ્રગઢ,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફરી એકવાર હરિયાણામાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરીને હરીફ પક્ષો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સ્કેમ હરિયાણાને સ્કીલ હરિયાણામાં ફેરવી નાંખવાનું વચન આપવા મોદીએ પ્રદેશના લોકોને સ્પષ્ટ બહુમતિવાળી ભાજપ સરકાર ચૂંટી કાઢવા અપીલ કરી હતી અને કહ્યું હતું કે, તેઓ કેન્દ્રની સાથે રાજ્યના સંબંધોને વધુ મજબૂત કરવા માંગે છે જેથી હરિયાણાના ભાવિને બદલી શકાય. મોદીએ એક રેલીને સંબોધતા કહ્યું હતું કે, હરિયાણાને લોકો હવે કૌભાંડગ્રસ્ત રાજ્ય તરીકે ઓળખવા લાગ્યા છે જેથી રાજ્યના લોકો દુખી છે. હરિયાણામાં કૌભાંડો થઇ રહ્યા છે. કૌભાંડોની અંદર પણ કૌભાંડો છે. અમારા તમામ વિરોધી તમામ કૌભાંડોમાં સામેલ છે. કૌભાંડગ્રસ્ત હરિયાણા જોઇએ છે કે પછી સ્કીલ હરિયાણા જોઇએ છે તેવો વળતો પ્રશ્ન મોદીએ કર્યો હતો. મોદીએ ભાજપ સરકાર ચૂંટી કાઢવા લોકોને અપીલ કરી હતી. રાજ્યને ઝડપથી વિકાસની દિશામાં લઇ જવા તેઓએ અપીલ કરી હતી. મોદીએ છેલ્લા કેટલાક દિવસથી આક્રમક ચૂંટણી પ્રચારનો દોર જારી રાખ્યો છે. હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનાર છે. મોદીએ દુખ સાથે કહ્યું હતું કે, વંશવાદની રાજનીતિના કારણે છેલ્લા ૨૫ વર્ષોમાં હરિયાણામાં વિકાસની પ્રક્રિયા આગળ વધી નથી. જો વંશવાદની નીતિ આગળ વધશે તો લોકોના ભાવિ બદલાશે નહીં. વંશવાદની રાજનીતિમાંથી મુક્ત થવાની જરૂર છે. છેલ્લા ૨૫ વર્ષથી ચાર પાંચ પરિવારોએ હરિયાણા ઉપર અંકુશ રાખ્યો છે જેથી લોકોની લાઇફ મુશ્કેલરૂપ બની ગઇ છે. હરિયાણાને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા તેમણે અપીલ કરી હતી. ભાજપને બહુમતિ અપાવવા તેઓએ કહ્યું હતું. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધો ઉપર વાત કરતા તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન એક ટીમના રૂપમાં મુખ્યમંત્રીની સાથે રહે છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંબંધ ખુબ જરૂરી છે.





સાઉદી અરેબિયામાં મુસ્લિમો માટેના પવિત્ર શહેર મક્કા ખાતે લાખો મુસ્લિમ શ્રધ્ધાળુઓએ હજની આખરી નમાજ અદા કરી હતી.

## પાક ગોળીબારને રોકવા માટે મોદીએ કંઇ કર્યું નથી : રાહુલ

મહાદ, તા. ૭

જમ્મુ અને કાશ્મીરમાં નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારી દઈને પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબારના દોર વચ્ચે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવીને કહ્યુંહતું કે, અનેક વખત ઉશ્કેરણીજનક કૃત્યો પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહ્યા હોવા છતાં મોદીએ આને રોકવાના પ્રયાસ કર્યા નથી. લોકસભાની ચૂંટણી પહેલા મોદીએ ચીન અને પાકિસ્તાન પ્રત્યે આક્રમક અભિગમ અપનાવવાની વાત કરી હતી. હવે ઘણા ઉશ્કેરણીજનક કૃત્યો છતાં છેલ્લા ત્રણ મહિનાથી કંઈપણ કર્યું નથી. રાયગઢ જિલ્લામાં મહાદ ખાતે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના ભાગરુપે પોતાની પ્રથમ



રેલીમાં રાહુલે આક્રમક પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુંહતુંકે, વડાપ્રધાન ચીની પ્રમુખના સ્વાગતમાં વ્યસ્ત હતા ત્યારે હજારો ચીની સૈનિકો લડાખમાં અમારી જમીન ઉપર અંકુશ જમાવી ચુક્યા હતા. અમેરિકાની યાત્રાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુંહતુંકે, તેમની મુલાકાત દરમિયાન વડાપ્રધાને જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. સાથે સાથે દવાઓના મુદ્દે વાત કરી હતી. કોંગ્રેસ નેતાએ કહ્યુંહતુંકે, કંપનીઓ દ્વારા તૈયાર કરવામાં આવતી ડાયાબિટીશ અને કેન્દ્રની દવાઓ ભારતમાં કઈ રીતે વેચી શકાય છે તે મુદ્દે વાત કરી હતી. કોંગ્રેસ મુક્ત ભારતના સ્લોગન બદલ મોદી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, આ બાબત શક્ય નથી. ભાજપ કહે છે કે તે કોંગ્રસ મુક્ત ભારત ઈચ્છે છે પરંતુ તેઓ કોંગ્રેસની વિચારધારાને જાણતા નથી.

ભારત અને મહારાષ્ટ્ર એક જ છે. ભાજપ માને છે કે, માત્ર એક વ્યક્તિ ભારતને આગળ લઈ જઈ શકે છે. રાહુલે કબૂલાત કરી હતી કે, ભાજપની માર્કેટિંગ પ્રક્રિયા ખુબ સારી છે. પોતાના ભાષણમાં રાહુલે એનસીપીનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસને મત આપવાનો મતલબ મહારાષ્ટ્રના ઝડપી વિકાસનો છે. પૃથ્વીરાજ ક્લીન ઈમેજ ધરાવે છે. તેમની લીડરશીપ હેઠળ મહારાષ્ટ્ર મજબૂત બનશે.

## વોટ્સઅપના ભારતમાં ૩.૫ કરોડ જેટલા યુઝર

યુવા પેઢીમાં ખૂબજ લોકપ્રિય અને ઝડપથી ઉભરી રહેલી મોબાઈલ મેસેજીંગ કંપની વોટ્સઅપને ખરીદી લેવાનો નિર્ણય ફેસબુકે કર્યો છે ત્યારે ફેસબુકને આવનાર સમયમાં ખુબ મોટો ફાયદો થઈ શકે છે. કારણ કે વધારે વસ્તી ધરાવતા દેશોમાં વોટ્સઅપનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યા ખૂબ વધારે છે. યુરોપમાં વોટ્સઅપના યુઝર સૌથી વધારે છે. જ્યારે ભારતમાં આ મેસેજીંગ સર્વિસનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યા ૩.૫ કરોડની આસપાસની છે.

**શિવસેના દ્વારા નરેન્દ્ર મોદીને ખુલ્લો પડકાર**

## પાકિસ્તાનને ૫૬ ઈંચની છાતી બતાવવા નરેન્દ્ર મોદીને પડકાર


મુંબઈ, તા.૮

શિવસેનાએ આજે ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, મહારાષ્ટ્રની રાજનીતિમાં ધ્યાન આપવાના બદલે મોદીએ અંકુશરેખા ઉપર યુદ્ધવિરામના સતત ભંગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પક્ષના મુખપત્ર સામનામાં શિવસેનાએ કહ્યું છે કે, ૫૬ ઈંચની છાતીની વાત કરનાર દેશને બચાવી શકે છે કેમ તે બાબત હવે જોવાની છે. સામનામાં જણાવવામાં આવ્યું છે કે, અમે શા માટે બેસીને મૃતદેહોની ગણતરી કરવી જોઈએ. જો તેઓ પાંચને મારે છે તો અમને ૫૦ને મોતને ઘાટ ઉતારવા જોઈએ અને આનો યોગ્ય જવાબ આપવો જોઈએ. પાકિસ્તાની ગોળીબારમાં હજુ સુધી સાત લોકોના મોત થઈ ચુક્યા છે. ચૂંટણીવાળા મહારાષ્ટ્રમાં ધ્યાન આપવાના બદલે મોદીએ સરહદ ઉપર ગોળીબારને રોકવાના પગલા લેવા જોઈએ. પાર્ટી મોદી મેઝિકના આધાર ઉપર જીત મેળવવાના પ્રયાસમાં છે. શિવસેનાએ મોદીની ઝાટકણી કાઢીને કહ્યું છે કે, મોદી રાષ્ટ્રીય પાટનગર છોડીને મહારાષ્ટ્રમાં સક્રિય થયા છે. શિવસેનાએ મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા અત્યાચારને રોકવાની જરૂર છે. સરહદ પારથી ગોળીબારને રોકવા નક્કર પગલા લેવાઈ રહ્યા નથી. ચૂંટણીની રેલીમાં વ્યસ્ત રહેવાના બદલે મોદીએ હવે પાકિસ્તાને યોગ્ય જવાબ આપવાની દિશામાં પગલા લેવા જોઈએ. શિવસેનાના આક્રમક વલણ અને અન્ય રાજકીય પક્ષોના નિવેદનથી નરેન્દ્ર મોદી ઉપર પણ હવે દબાણ વધ્યું છે. શિવસેનાનું કહેવું છે કે, ભારત સરકાર દ્વારા પગલા ન લેવાતા પાકિસ્તાને વધુ આક્રમક કાર્યવાહી કરી છે. પાકિસ્તાની સૈનિકોના ગોળીબારથી સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ છે. સરહદ ઉપર રહેતા લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે.

# ઓરિસ્સા પર હવે હુડ હુડ વાવાઝોડાનું સંકટ

ભુવનેશ્વર, તા.૮

ભારતીય હવામાન વિભાગે આજે ચેતવણી આપતા કહ્યું હતું કે, ઓરિસ્સામાં હવે વાવાઝોડું હુડ હુડનો ખતરો તોળાઈ રહ્યો છે. આના કારણે ભારે વરસાદ પણ થઈ શકે છે. વાવાઝોડાના ખતરાના પરિણામ સ્વરુપે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હવામાન



વિભાગના કહેવા મુજબ ઉત્તરીય અંડમાન દરિયા ઉપર વાવાઝોડા તોફાન હુડ હુડની રચના થઈ છે અને તેના લીધે ૧૨મી ઓક્ટોબરે આંધ્રપ્રદેશમાં વિશાખાપટ્ટનમ અને ઓરિસ્સામાં ગોપાલપુર વચ્ચે ભારે વરસાદ થઈ શકે છે. આઈએમડીનું કહેવું છે કે, ઉત્તરીય અંદામાન દરિયા અને પડોશી રાજ્યની દિશામાં ડિપ્રેશનની સ્થિતિ આગળ વધી રહી છે જે વાવાઝોડામાં ફેરવાઈને આગળ વધી શકે છે. અંદામાન અને નિકોબાર દ્વિપને હવે પાર કરીને આગળ વધશે. ઓરિસ્સાના દરિયા કાંઠાના વિસ્તારો અને વિશાખાપટ્ટનમ, ગોપાલપુર વચ્ચેથી તે પસાર થાય તેવી શક્યતા છે. આફરો યુરેશિયન પરથી હુડ હુડ નામ આપવામાં આવ્યું છે. હુડ હુડ આફ્રો યુરેશિયન શબ્દ છે જે ઈઝરાયેલના એક રાષ્ટ્રીય પક્ષી તરીકે છે. ઓમાન દ્વારા આપવામાં આવેલા વાવાઝોડાના નામની યાદીમાં તેની સત્તાવાર એન્ટ્રી થઈ છે. મુખ્યમંત્રી નવીન પટનાયકનું કહેવું છે કે, સરકાર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણપણે તૈયાર છે. રાજ્ય સરકારે કર્મચારીઓની રજા રદ કરી દીધી છે. ૧૬ દરિયા કાંઠાના જિલ્લાઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ઓરિસ્સા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સની ટુકડી તૈનાત થઈ છે. ૨૪ કલાક પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. જે જિલ્લાઓને એલર્ટ કરવામાં આવ્યા છે તેમાં બાલાસોર, કેન્દ્રપાડા, ભાદ્રક, પુરી, ગંજામ, જાજપુર, કટક, ગજપતિ, કિયોનઝાર, મલ્કાનગીરી, કોરાપુતનો સમાવેશ થાય છે.

## સીએમ પદ માટે અજીત પવાર પોતે પણ દાવેદાર

મુંબઈ, તા.૮

એનસીપીના નેતા અજીત પવારે એક ટીવી પ્રચાર મારફતે પોતાને પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરીને નવી ચર્ચા જગાવી છે. મરાઠવાડાના પ્રવાસે પહોંચેલા અજીત પવારે કહ્યું હતું કે, તેઓ પોતે પણ મુખ્યમંત્રી પદના ઉમેદવાર છે. બીજી બાજુ પવારે એમ પણ કહ્યું છે કે, પોતાને જાહેરમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવાથી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારને વેગ મળશે. સાથે સાથે ચૂંટણીના પરિણામ પણ અપેક્ષા કરતા સારા મળશે. એનસીપી પણ કેટલાક વિસ્તારોમાં પ્રભુત્વ ધરાવે છે. શિવસેના અને ભાજપના સંબંધ એક બાજુ તુટી ચુક્યા છે. બીજી બાજુ એનસીપી અને કોંગ્રેસ વચ્ચેના સંબંધ પણ તુટી ગયા છે.

**અસરગ્રસ્તોને તમામ સુવિધા આપવાનો તંત્રને હુકમ**

## સરહદ પર લોકોની સુરક્ષાની ઓમર દ્વારા આખરે સમીક્ષા

શ્રીનગર, તા.૮

સરહદ ઉપર તોપમારા અને ગોળીબારને વધુ તીવ્ર બનાવી દેવામાં આવ્યા બાદ પાકિસ્તાન અંગે જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આકરી પ્રતિક્રિયા આપી છે. સાથે સાથે વહીવટીતંત્રને સરહદી વિસ્તારમાં રહેતા લોકોની સુરક્ષાની ખાતરી કરવા તમામ જરૂરી પગલા લેવા સૂચના આપી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, સરહદ ઉપર પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી ચુકી છે. ભારે તોપમારા અને ગોળીબારના કારણે સરહદી વિસ્તારમાંથી ખસેડવામાં આવેલા ૧૬૦૦૦થી વધુ લોકોને આશ્રય આપવામાં આવી રહ્યો છે. મોટાપાયે હિઝરત પણ થઈ છે. જુદા જુદા વિસ્તારમાં કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યા છે. આ કેમ્પમાં તોપમારા અને ગોળીબારના કારણે અસરગ્રસ્ત લોકોને ખસેડવામાં આવ્યા છે. જમ્મુ, સાંબા, કથુઆ જિલ્લામાં ૨૪ કેમ્પ સ્થાપિત કરાયા છે.

એવું જાણવા મળ્યું છે કે, ખાવા પીવાની ચીજવસ્તુઓ, દવાઓ, બ્લેન્કેટ અને અન્ય જરૂરી સુવિધા કેમ્પમાં રહેલા લોકોને પહોંચાડવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ સુરક્ષિત સ્થળોએ ખસી જવા તમામ લોકોને કહ્યું છે. અસરગ્રસ્ત લોકો માટે ખાનગી હોલ અને અન્ય સ્થળો પણ રાખવામાં આવ્યા છે. આગામી દિવસોમાં સ્થિતિ વધુ વણસે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. ઓમર અબ્દુલ્લાએ જમ્મુ પ્રદેશના ડિવિઝનલ વહીવટીતંત્રને કેટલીક સૂચના આપી છે. મુખ્યમંત્રીએ ડિવિઝનલ કમિશનરો, ઈન્સ્પેક્ટર જનરલ અને ડેપ્યુટી કમિશનર જમ્મુ સાથે વિડિયો કોન્ફરસિંગ કરી છે. સરહદી લોકો માટે કરવામાં આવેલી વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ અસરગ્રસ્તોને કોઈ તકલીફ ન પડે તે માટે સૂચના આપી છે. ૭૦૦૦ લોકો હાલમાં રાહત કેમ્પોમાં પહોંચ્યા હોવાના અહેવાલ મળ્યા છે. અન્ય લોકો પણ પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.







દેશભરમાં આજે ૮૨માં એરફોર્સ સ્થાપના દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી માં ભારતના લીજેન્ડરી ક્રિકેટર ને એરફોર્સના માનદ ગૃપ કેપ્ટન સચિન તેંડુલકર અને તેની પત્નિ અંજલીએ નેવીના ચીફ એડમીરલ જનરલ આર. કે. ધવન સાથે એરફોર્સના જવાનોએ રજૂ કરેલા દિલધડક કરતબ નિહાળ્યા હતા.


## સમાચાર ઝલક

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદજીની ૨૦ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ રાજયપાલશ્રીએ કર્યું.
- જોબ માર્કેટમાં જોરદાર તેજી આવવાના એંધાણ - રીપોર્ટ.
- ઉના, ગીરગઢડા, અમરેલી, ખેડબ્રહ્મામાં મીની વાવાઝોડા સાથે વરસાદ.
- જુન ૨૦૧૫માં હિંમતનગર-જુનાગઢમાં મેડીકલ કોલેજ શરુ થશે.
- ફલીપકાર્ટ-સ્નેપ ડીલે ૧ દિવસમાં ૬૦૦-૬૦૦ કરોડનો માલ વેચ્યો.
- અંબાણી-મહિન્દ્રા અને ખટ્ટર જુથે હાથ મિલાવ્યા મનોરંજન ચેનલ શરુ કરશે.
- મુંદ્રામાં 'ઈબોલા'ના પ્રવેશથી હડકંપ. બંદરે આવેલ જહાજના ક્રુ મેમ્બરના મોતથી ખળભળાટ.
- ફીજીકસનું નોબેલ પ્રાઈઝ ત્રણ લોકોને આપવાની જાહેરાત.
- નર્મદા બંધ પર દરવાજા મુકવાની કામગીરી શરુ કરાઈ.
- ભારતમાં આઈફોન-૬નું બુકીંગ શરુ. તા. ૧૭મી ઓકટોબરથી ડીલીવરી શરુ થશે.
- 'હૈદર' ફિલ્મનો શો વડોદરામાં બંધ કરાવ્યો. આતંકવાદીઓની તરફદારી હોવાનો આરોપ.
- રાજકોટ-અમદાવાદ-સુરત વચ્ચે ૧૫ જાન્યુઆરીથી વિમાની સેવાનો પ્રારંભ થશે.
- શાહરૂખ ખાનની ફિલ્મ દિલવાલે દુલ્હનિયાની રીમેક બનશે.
- આંધ્રપ્રદેશમાં ચક્રવાત વાવાઝોડાનો ભય-હવામાન ખાતાની ચેતવણી.
- બોડકદેવમાં મોબાઈલ પર વાત કરતો યુવક આઠમા માળેથી પડયો.

## રિતીકની ફિલ્મ બેંગબેંગની કમાણી ૨૦૦ કરોડ પહોંચી

મુંબઈ, તા.૮

રિતીક રોશન અને કેટરીના કૈફ અભિનીત બેંગબેંગ ફિલ્મ બોક્સ ઓફિસ પર શાનદાર દેખાવ કરી રહી ।છે. આ ફિલ્મે હવે પાંચ જ દિવસના ગાળામાં ૨૦૦ કરોડના આંકડાને પાર કરી લીધો છે. સોમવારના દિવસે આ ફિલ્મે ૨૧.૯૪ કરોડની કમાણી કરી હતી. ભારતમાં કુલ કમાણી ૧૫૬.૪૧ કરોડ થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આ ફિલ્મે ૪૫.૧૦ કરોડની કમાણી કરી લીધી છે. આનો મતલબ એ થયો કે આ ફિલ્મ એકંદરે હવે



૨૦૧.૫૧ કરોડની કમાણી કરી ચુકી છે. સિદ્ધાર્થ આનંદના નિર્દેશન હેઠળની સમગ્ર ટીમ માટે ઉજવણીનો સમય શરૂ થઈ ગયો છે.

કારણકે, ભારતીય બોક્સ ઓફિસ પર સોમવારના દિવસે જ આ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણી કરી લીધી હતી. આ ફિલ્મે ૨૦૧૪ના હાઈએસ્ટ ઓપનિંગ તરીકે ઉભરેલી ફિલ્મોના રેકોર્ડ પણ તોડી દીધા છે. બ્રિટેન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને અન્ય દેશોમાં ખૂબ સારી આવક થઈ રહી છે. ભારત અને વિદેશમાં તેની ફિલ્મ ધૂમ મચાવી રહી છે. ક્રિશ-૩ની કમાણી કરતા પણ આ ફિલ્મ વધુ કમાણી કરી રહી છે. અગ્નિપથ અને જિંદગી ન મિલેગી દોબારા ફિલ્મ પણ શ્રેષ્ઠ સાબિત થઈ હતી. કેટરીના કૈફ માટે આ થ્રીજી મોટી ઓપનિંગ છે. ધૂમ-૩ અને એકથા ટાઈગર બાદ આ તેની ત્રીજી મોટી ફિલ્મ છે. રિતીક અને કેટરીના અભિનીત ફિલ્મનું નિર્માણ ફોક્સસ્ટાર સ્ટુડીયો દ્વારા કરાયું છે. સંપૂર્ણ પારિવારીક ફિલ્મ બેંગબેંગ બોલીવુડના ઈતિહાસમાં ટોપ-૫ ઓપનર્સની યાદીમાં સામેલ થઈ છે.

## વૈજ્ઞાનિકોની નિવૃત્તિ વયને વધારવા સક્રિય વિચારણા

નવી દિલ્હી,તા. ૮

વૈજ્ઞાનિકોના અનુભવના વધુ ઉપયોગના હેતુસર તેમની નિવૃત્તિની વય ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવાની હિલચાલ ચાલી રહી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન જિતેન્દ્રસિંહે આજે આ મુજબની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, સરકાર વૈજ્ઞાનિકોની નિવૃત્તિની વય વધારીને ૬૨ વર્ષ કરવા ઉપર ગંભીરતાથી વિચારી રહી છે. ૬૦ વર્ષની વય સુધી પહોંચે છે ત્યારે જે પ્રકારનો અનુભવ વૈજ્ઞાનિકો મેળવે છે તેનો ઉપયોગ વધુ બે વર્ષ સુધી કરવાની હિલચાલ શરૂ થઈ છે. જિતેન્દ્રસિંહે આ અંગેની સ્પષ્ટતા કરી દીધી છે. હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓની નિવૃત્તિની વય ૬૦ વર્ષની છે. કોર સાયન્સ ઉપરાંત અનેક વૈજ્ઞાનિકો બીજા મંત્રાલયોમાં પણ કામ કરી રહ્યા છે. વૈજ્ઞાનિકોની વય વધારવાથી ભારતને ફાયદો થશે તથા તેમની કુશળતાનો વધુ લાભ લઈ શકાશે.

## પાકિસ્તાન ત્રાસવાદીઓનું કેન્દ્ર બની ગયું છે : ભાજપ

નવીદિલ્હી, તા.૮

પાકિસ્તાન દ્વારા સરહદ ઉપર વારંવાર યુદ્ધવિરામના ભંગ છતાં કોઇ પગલા ન લેવા બદલ નરેન્દ્ર મોદી સરકારની કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ આજે જોરદાર ઝાટણી કાઢી હતી. બીજી બાજુ ભાજપે કઠોર વલણ અપનાવીને કહ્યું હતું કે, ભારતીય દળો પાકિસ્તાને યોગ્ય જવાબ આપવામાં સક્ષમ છે. પાકિસ્તાન હવે આતંકવાદીઓના મુખ્ય કેન્દ્ર તરીકે બની ગયું છે. પાકિસ્તાન હવે આતંકિસ્તાન બની કહ્યું છે. ભાજપના વરિષ્ઠ મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, પાકિસ્તાન હવે પાકિસ્તાન રહ્યું નથી તે શૈતાનિસ્તાન બની ગયું છે, તે આતંકિસ્તાન બની ગયું છે. ભાજપના પ્રવક્તા નલીન કોહલીએ કહ્યું હતું કે, તેના નિયમિત અભિગમથી પાકિસ્તાન વારંવાર પીછેહઠ કરે છે. બીજી બાજુ કોંગ્રેસના પ્રવક્તા અભિષેક સિંઘવીએ કહ્યું હતું કે, સરકારનો પ્રતિસાત ખુબ જ નબળો રહ્યો છે. પાકિસ્તાન નિયમિત આધાર ઉપર અમને પડકાર ફેંકે છે. અમારા સમ્માન સાથે રમત રમી રહ્યું છે. અમારા નાગરિકોને નુકસાન કરી રહ્યું છે. અમે કંઇપણ કરી શકવાની સ્થિતિમાં દેખાઈ રહ્યા નથી. રાષ્ટ્રવાદની અગાઉ વાત કરી ચુકેલા મોદીએ આ અંગે કોઇ નિવેદન કર્યું નથી. સપાના જનરલ સેક્રેટરી નરેશ અગ્રવાલે કહ્યું છે કે, મોદી અને ભાજપ નબળા સાબિત થઇ રહ્યા છે. મજબૂત ગણાતા લોકો નબળા દેખાઈ રહ્યા છે. અમે જેમને સંપૂર્ણતાકાત આપી છે તે તેનો ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયા છે.

## ચીનમાં ૬.૬ની તીવ્રતા સાથે પ્રચંડ ભૂંકપનો ફરી આંચકો

બેજિંગ,તા. ૮

દક્ષિણપશ્ચિમ ચીનમાં આજે સવારે ફરી એકવાર પ્રચંડ ભૂંકપનો આંચકો અનુભવાયો હતો. જેથી લોકો દહેશતના કારણે ઉંચી ઈમારત અને તેમના આવાસમાંથી બહારલ દોડી આવ્યા હતા. પ્રચંડ ભૂકંપમાં એકનું મોત થયું છે અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. અનેક ઈમારતો ધરાશાયી થઈ છે. ૫૦ હજાર લોકો બેઘર થયા હોવાનું જાણવા મળેલ છે. રિક્ટર સ્કેલ પર ધરતીકંપની તીવ્રતા ૬.૬ જેટલી આંકવામાં આવી છે. જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. અધિકારીઓએ કહ્યું હતું કે ઉંચી ઈમારતમાં રહેતા લોકોને વધારે અનુભવ થયો હતો. લોકો ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. ચીનને વિશ્વના સૌથી વધારે ભૂંકપ પ્રભાવિત દેશો પૈકીના એક તરીકે ગણવામાં આવે છે.